# ઈશ્વરની ઈચ્છા અનુસાર આચરણ કરવાથી સ્વેચ્છા નષ્ટ થવામાં મદદ થાય છે !

(સંદર્ભ : પાનું ૬ - પોતાની દરેક કૃતિ ...)





# પોતાની દરેક કૃતિ દ્વારા સાધનાનો પાઠ ભણવનારા પ.પૂ. ડૉ. આઠવલેજી

### કર્તાપણું પોતાની પાસે ન લેવું

**૧. અહં ઓછો હોવો :** પ. પૂ. ડૉક્ટરજી દ્વારા રોજ વપરાતી નિર્જીવ વસ્તુઓ ઉપાય કરે છે. એ માટે પ. પૂ. ડૉક્ટરજી કહે છે, ''હું ઉપાય કરું છું, એ અહંપણ મને નહીં થાય; એ માટે ઈશ્વરે સુગંધ વગેરેના માધ્યમ દ્વારા ઉપાય કરવાની સુવિધા નિર્માણ કરી છે.''

**૨. પૂ. દેશપાંડેજીમાં અહં ઓછો હોવા વિશે કહેવું :** સાધકોમાં સાંભળવાની, શીખવાની અને પૂછવાની વૃત્તિ હશે, તો અહં શીઘ્ર ઓછો થઈ જાય છે. પૂ. દેશપાંડેજી સંપૂર્ણ ભારતમાં ફરે છે; પરંતુ ભ્રમણધ્વનિ પર મને પૂછે છે, ''હું હવે ક્યાં જાઉં ?''અહં ઓછો હોવાથી એવું થાય છે.

### સંતો સાથે વ્યવહાર

**૧. નમ્રતા :** પ. પૂ. ડૉક્ટરજી કોઈ પણ સંત સાથે વાર્તાલાપ શરૂ કરતી વખતે ''સાષ્ટાંગ નમસ્કાર'' બોલીને વાર્તાલાપ શરૂ કરે છે.

**૨. સંતના આગમન પહેલાંની તૈયારી અને એમના આવ્યા પછીનું આચરણ :** દિનાંક ૧૭.૧.૨૦૦૭ ના રોજ પ.પૂ. ભક્તરાજ મહારાજજીના (બાબા; પ. પૂ. ડૉ. આઠવલેજીના સદ્‌ગુરુ અને સનાતન સંસ્થાના પ્રેરણાસ્રોત) સુપુત્ર નંદૂદાદા આશ્રમમાં આવ્યા, ત્યારે પ.પૂ. ડૉક્ટરજીએ એમને બાબાની ગાદીની પ્રદક્ષિણા કરવાથી સાધકો પર થતા ઉપાય, એના પરિણામ, બાબાના છાયાચિત્રો અને સૂક્ષ્મચિત્રો બતાવ્યા. એમને સંસ્થાની દશ્યશ્રાવ્ય-ચક્રિકા દેખાડવા માટે કહ્યું. ઓછા સમયમાં જેટલું સંભવ છે, તે બધું દેખાડ્યું. એમને સંક્રાતિના તહેવાર નિમિત્તે તલના લાડવા, તલગુળ વગેરે આપ્યા. સંસ્થાનાં વિદેશનાં સાધિકા સૌ. યોયા વાલિયા ત્યાં આવ્યા તો એનો પરિચય નંદૂદાદા સાથે કરાવ્યો. આ બધી વાતોથી સમજમાં આવે છે કે, સંતના આગમન પહેલાં અને પછી શું કરવું જોઈએ.

૩. સકામ ઈચ્છા પૂરી કરનારા સંતોની બાબતે એક વખતે પ. પૂ. ડૉક્ટરજીએ કહ્યું, ''સંતો સકામ ઈચ્છા પૂરી કરે છે. આપણે સાધકોને એનાથી પણ આગળ લઈ જઈએ છીએ.''

### ગ્રંથવિષયક વિચાર

સનાતનના ગ્રંથ સમજવામાં કઠિન છે, પ. પૂ. ડૉક્ટરજીને એમ પૂછવા પર એમણે કહ્યું, ''જ્ઞાનેશ્વરજીએ જ્ઞાનેશ્વરી લખતી વખતે એ કઠિન છે, બધાને સમજાશે કે નહીં, એવો વિચાર કર્યો નહીં. આપણા ગ્રંથો પણ એવા જ છે. આજના લોકોને એ સમજમાં આવશે પણ નહીં પરંતુ આપણા ધર્મની મહાનતા, શાસ્ત્ર વગેરેનું મહત્ત્વ શું છે, એ સમજવા માટે એમને એ વાંચવા જ જોઈએ અને એમાં રહેલ ચૈતન્યને કારણે લાભ તો થશે જ.''

### સર્વજ્ઞતા

૧. ૨૫.૧૨.૨૦૦૬ ના રોજ, રાત્રે ૮.૩૦ વાગે પ.પૂ. ડૉ. આઠવલેજીએ પોતાના ઓરડામાં જતા પહેલાં મને કહ્યું, ''જરા જો તો, અભ્યાસ-કક્ષમાં (પ.પૂ. ડૉ. આઠવલેજીના ઓરડાની બાજુના ઓરડામાં) કોઈને ત્રાસ થઈ રહ્યો છે શું ?'' હું ત્યાં ગઈ, તો કુ. કરુણાને હસતી જોઈ. એને સવારથી જ ત્રાસ થઈ રહ્યો હતો. મેં એને પૂછ્યું, ''શું કોઈને ત્રાસ થઈ રહ્યો છે ?'' તો એણે મજાકમાં કહ્યું, 'એમને કહે કે હું હમણા પ્રકટ અવસ્થામાં છું.'' તે પછી મેં પ.પૂ. ડૉ. આઠવલેજીને કહ્યું કે કોઈને પણ ત્રાસ નથી થતો, ત્યારે તેઓ હસતા હસતા ઓરડામાં જવા લાગ્યા. એ જ ક્ષણે કુ. કરુણા જોરથી પ્રકટ થઈને બેહોશ થઈ ગઈ.

૨. એક વાર સૂક્ષ્મ-વિભાગના સાધકોને જોઈને વિચાર આવ્યો કે, હું પણ સૂક્ષ્મ-પરીક્ષણ કરી શકું તો કેટલું સારુ. બીજે દિવસે પ.પૂ. ડૉ. આઠવલેજી ધારિકા તપાસવા આવ્યા, ત્યારે એમણે મને નીચે આપેલી પંક્તિઓ ટંકિત કરવા માટે કહ્યું. 'સૂક્ષ્મ-પરીક્ષણ કરી શકાય અને સૂક્ષ્મથી જ્ઞાન પ્રાપ્ત થાય, એવી ઈચ્છા ન કરવી. ઈચ્છા કરવી જ હોય, તો અહં-નિર્મૂલન, ભાવજાગૃતિ અને ઈશ્વરપ્રાપ્તિની કરવી. નાની નાની વાતોની નહીં.' (એનાથી મને શીખવા મળ્યું કે, 'ઈશ્વરને જેની પાસે જે સેવા કરાવવાની હોય, તેઓ કરાવી લે છે. આપણે ફક્ત ઈશ્વરની ઈચ્છા અનુસાર આચરણ કરવું જોઈએ. એથી સ્વેચ્છા નષ્ટ થવામાં મદદ થાય છે.')

૩. ૧૫.૭.૨૦૦૭ના રોજ પ.પૂ. ડૉ. આઠવલેજીએ એક લેખમાં રામાયણની એક કથા લખવા માટે કહ્યું. મને તે યાદ નહોતી. જ્યારે મેં પ.પૂ. ડૉ. આઠવલેજીને પૂછ્યું, 'કોને લખવા માટે કહેવું છે ?', ત્યારે એમણે શ્રી. ગાડગીળજીનું નામ કહ્યું. જ્યારે હું શ્રી. ગાડગીળજીને આ સંદેશો આપવા ગઈ, ત્યારે એમણે કહ્યું, ''પ.પૂ. ડૉ. આઠવલેજીને જે કથા જોઈએ છે, તે મેં પહેલાં ક્યારેય વાંચી નથી; પરંતુ કાલે હું પૂ. કાટેસ્વામીજીનો એક અંક વાંચી રહ્યો હતો. એમાં એ જ કથા વાંચી હતી.'' એનાથી એ સ્પષ્ટ થાય છે કે ઈશ્વરને (પ.પૂ. ડૉ. આઠવલેજીને) એ પહેલેથી જ ખબર હતી, એટલે એમણે શ્રી. ગાડગીળજીનું નામ કહ્યું.

### સ્વભાવદોષના સંબંધમાં

ભૂલો છુપાવવાનું પરિણામ : એક વાર આશ્રમમાં પાવભાજી બનાવી હતી. પ.પૂ. ડૉ. આઠવલેજીને કહ્યું નહીં કે, તે તીખી બની છે. પ.પૂ. ડૉ. આઠવલેજીએ કહ્યું, ''ભૂલો છુપાવવાને કારણે ઈશ્વરીય રાજ્ય આગળ ધકેલવું પડ્યું છે.''

**જે સાધકોમાં ભાવ છે, એમના ચૈતન્યને કારણે એમની ભૂલોનું પરિમાર્જન થવું :** એક વાર એક સાધકને સંદેહ થયો, 'કેટલાક સાધકોથી ભૂલો થતી હોવા છતાં પણ પ.પૂ. ડૉ. આઠવલેજી એમની પ્રશંસા શા માટે કરે છે ?' ત્યારે સૌ. અંજલી ગાડગીળને ઈશ્વર પાસેથી નીચે આપ્યા અનુસાર ઉત્તર પ્રાપ્ત થયો, 'જે સાધકોમાં ભાવ છે, એવા સાધકો જ્યારે ભૂલો કરે છે, તો એમની ભૂલોનું પરિમાર્જન એમના ચૈતન્યને કારણે થાય છે; એથી આવા સાધકો દ્વારા ભૂલો થઈ તો પણ પ.પૂ. ડૉ. આઠવલેજી એમની પ્રશંસા કરે છે.'

### સાધનાના સંબંધમાં

અ. 'તાલાવેલીથી ધર્મકાર્ય કરવાથી બધા પાપોથી મુક્તિ મળે છે.' કર્મયોગ ગ્રંથમાં એક મુદ્દો હતો, 'તાલાવેલીથી ધર્મકાર્ય કરવાથી બધા પાપોથી મુક્તિ' આ વાંચ્યા પછી પ.પૂ. ડૉ. આઠવલેજીએ કહ્યું, ''આપણું પણ એવું જ છે. પહેલાં સાધના કઠોર હતી. હવે સંધિકાળ છે.'' (એ સમયે મને ભાન થયું કે, 'પ.પૂ. ડૉ. આઠવલેજી આપણને ખૂબ આગળ લઈ જવાના છે. એમનું આ ઋણ કોઈ પણ જન્મમાં આપણે ચૂકવી નથી શકવાના.')

આ. પ્રસારના એક સાધક સાથે વાતો કરતી વખતે પ.પૂ. ડૉ. આઠવલેજીએ કહ્યું, ''જો સમાજમાં એક પણ વ્યક્તિમાં તાલાવેલી અને જિજ્ઞાસા છે અને તેને સાધના કરવી છે, તો એને સમય આપો. ઉપસ્થિતિ મહત્ત્વપૂર્ણ નથી. એક ભક્ત માટે ઈશ્વર પૃથ્વી પર આવે છે. અધ્યાત્મ સંખ્યાત્મક નથી.''

ઈ. એક વાર એક સાધિકાને સૂક્ષ્મ-પરીક્ષણ કરવા માટે કહ્યું, તો તેણે વ્યક્તિગત કારણો માટે ના પાડી. એ સમયે પ.પૂ. ડૉ. આઠવલેજીએ કહ્યું કે, વ્યક્તિગત સાધનાની દષ્ટિએ વિચાર કરવાને બદલે સમષ્ટિ સ્તર પર એ વિશિષ્ટ સમયે થનારી વાતો શીખવી, એ વ્યાપક થવાની દષ્ટિએ અધિક મહત્ત્વપૂર્ણ છે.

### સેવાનું મહત્ત્વ

ગુરુ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે એમની સેવા કરવી અધિક મહત્ત્વપૂર્ણ : અધ્યાત્મમાં સર્વસ્વનો ત્યાગ કરવાનો હોય છે. શિષ્ય જ્યારે ગુરુ પાસે જ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તે ત્યાગ કર્યા વિના જ કાંઈક પ્રાપ્ત કરે છે. એથી ઊલટું સેવા કરતી વખતે તન અને મનનો ત્યાગ થાય છે; એટલે ગુરુને જિજ્ઞાસુને બદલે સેવા કરનારા શિષ્યો અધિક પ્રિય હોય છે.

- ડૉ. આઠવલે (૨૩.૭.૨૦૦૭, સાંજે ૬)

### પ્રયોગના માધ્યમ દ્વારા શીખવવું

પ.પૂ. ડૉ. આઠવલેજીની પાસે બેઠેલી સાધિકાની ઓઢણીમાંથી ક્યારેક-ક્યારેક દુર્ગંધ અથવા માયાવી સુગંધ આવે છે, જે માંત્રિકો દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવે છે. એ સમયે તુરંત જ પ.પૂ. ડૉ. આઠવલેજી પ્રયોગ કરીને શીખવાડે છે કે, સુગંધ વાસ્તવિક છે કે માયાવી છે, એ કેવી રીતે ઓળખવું ? (વાસ્તવિક સુગંધ વારંવાર સૂંઘવાનું મન થાય છે, જ્યારે માયાવી સુગંધ તીવ્ર હોય છે અને એ સૂંઘવાથી ઊલટી જેવું થાય છે અને સુંઘવાનું મન થતું નથી.)

### અસ્તિત્વથી ચૈતન્ય મળવું

૧૨.૧.૨૦૦૭ ના રોજ રાત્રે ૧૨ વાગે પ.પૂ. ડૉ. આઠવલેજી ધ્વનિચિત્રિકરણ વિભાગમાં આવ્યા હતા. ત્યાં તેઓ સાધકોને કહી રહ્યા હતા કે, મૂલાકાત કેવી રીતે લેવી, કઈ કૃતિઓ કેવી રીતે કરવી. એ સમયે બધાને અનુભવ થયો કે, 'ઈશ્વરનું સગુણ રૂપ કેવી રીતે આચરણ કરે છે.' તેઓ દરેક ૨ મિનિટ પછી ''આ કરો...પછી આ કરો'', એવું કાંઈક ને કાંઈક બતાવી રહ્યા હતા. ત્યારે મારા મનમાં વિચાર આવ્યો, 'આપણને દરેક ક્ષણ વર્તમાનકાળમાં રહીને સતર્ક રહેવાનું છે.' એ સમયે મને અને ત્યાં ઉપસ્થિત સાધકોને લાગ્યું કે જાણે પ.પૂ. ડૉ. આઠવલેજી સ્થૂળમાંથી ત્યાં આવીને બધાને શક્તિ અને ચૈતન્ય પ્રદાન કરી રહ્યા હતા.

### પ.પૂ. ડૉ. આઠવલેજીનું કાર્ય

કુ. મધુરા ભોસલેની એક ધારિકામાં નીચેની પંક્તિઓ હતી- 'પ.પૂ. ડૉ. આઠવલેજીનું હાસ્ય, એથી અધિક એમનું સ્મરણ અને એનાથી પણ અધિક એમનું કાર્ય સૂક્ષ્મ છે; એથી એમનું કાર્ય કરતી વખતે આપણને અત્યંત આનંદ મળે છે.'

### માંત્રિકોનું આજ્ઞાપાલન

માંત્રિકો લડે છે. પાપ કરીને પાછા નરકમાં જાય છે. નરકમાં જવું પડશે, એ ખબર હોવા છતાં ફક્ત એમના ગુરુએ કહ્યું છે, એથી તેઓ બધું કરે છે. - ડૉ. આઠવલે

### પ્રાર્થના

'પ.પૂ. ડૉ. આઠવલેજી,

મારામાં અનેક સ્વભાવદોષ છે અને અસંખ્ય ભૂલો પણ થાય છે, તો પણ તમે નિરપેક્ષતાથી બધું જ આપી રહ્યા છો અને દરેક કૃતિથી મને શીખવાડો છો. પ્રત્યેક ક્ષણ સાધકોની આધ્યાત્મિક ઉન્નતિ થાય, એને માટે તમારી તીવ્ર ઉત્કંઠા રહે છે. તમારા દ્વારા શીખવાડેલા વિષયને કૃતિમાં લાવવાને માટે હું ખૂબ ઊણી પડી રહી છું, તો પણ દરેક સમયે તમે આનંદ આપો છો તથા પોતે જ બધું કરાવી લો છો. અમને દરેક પગલે એ અનુભવ થાય છે કે સ્થૂલથી અમે કેટલા પણ પ્રયત્ન કરીએ, પરંતુ સૂક્ષ્મથી પ્રત્યેક કૃતિ તમે પહેલાં જ કરી લીધી હોય છે.

કાળા પર્વતનો ખડિયો, સાગરની સાહી, કલ્પવૃક્ષની ડાળખીની કલમ, પૃથ્વીરૂપી કાગળ લઈને સ્વયં સરસ્વતી દેવીજી તમારા ગુણ લખે, તો પણ તમારા ગુણોનું વર્ણન કરી શકાય નહીં. પ.પૂ. ડૉ. આઠવલેજી, હું તમારું વાસ્તવિક રૂપ નથી જાણતી. ખરેખર તમે કોણ છો, એનું મને જ્ઞાન નથી. તમે જેવા છો, એવા જ રહો. હું આપનાં ચરણોમાં શરણાગત છું. આપનાં ચરણોમાં એ જ પ્રાર્થના છે કે, 'આ જીવ પાસેથી અખંડ અને અંતિમ ક્ષણ સુધી નિરંતર સેવા કરાવી લો !'

- કુ. અરુણા કોલકર, રામનાથી આશ્રમ, ગોવા.




જે પરિસ્થિતિમાં હોઈએ, એને પરમેશ્વરની માયા સમજીને એમાં જ સંતોષથી રહેવું જોઈએ !